ગાંધીનગર સમાચાર

## ભક્તોમાં ખુશાલી : શામળાજી મંદિર, દિપેશ્વરી ધામ-ઉંટરડા આજથી ખુલશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

કોરોનાના કારણે છેલ્લા દોઢ પખવાડીયાથી અરવલ્લીનું પવિત્ર યાત્રાધામ શામળાજી મંદિર અને બાયડ તાલુકાના ઉંટરડાનું દિપેશ્વરી





ધામ દર્શનાર્થીઓ માટે બંધ કરાયું હતું પરંતુ હવે રાજ્ય સરકારે કોરોનાનાં નિયંત્રણો હળવા કર્યા પછી આજે શુક્રવારથી દેવમંદિરો દર્શનાર્થીઓ માટે ખુલ્લાં મૂકવાનાં હોવાથી ભક્તોમાં ખુશાલી જોવા મળી છે. છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાના કારણે ધંધા-રોજગાર ઠપ્પ થવાની સાથે વારંવાર દેવમંદિરો સંક્રમણ અટકાવવા માટે બંધ કરાતાં મંદિરની આવકને માઠી અસર પહોંચી છે. લાંબા સમયથી દેવમંદિરો બંધ હોવાથી ભક્તો પણ નિરાશ જોવા મળતા હતા પરંતુ હવે રાજ્યમાં કોરોનાનું સંક્રમણ એકંદરે કાબુમાં આવ્યાનું ચિત્ર ઉપસ્યા પછી સમગ્ર ગુજરાત અનલૉક થઈ રહ્યું છે. રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમીટીની બેઠકમાં ધાર્મિક સ્થાનો ૧૧ જૂનથી ખોલવાનો નિર્ણય કરાયો છે જે મુજબ અરવલ્લી જિલ્લાના તમામ ધાર્મિક સ્થળો આજથી ભક્તો દર્શન કરી શકે તે માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

## ખજાનો ખોલ્યો : સાબરડેરી દૂધ ઉત્પાદકોને અધધ રૂા.૩૬૦ કરોડ ચૂકવશે, પશુપાલકોમાં દિવાળી જેવી ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરડેરીએ તેના ૩ લાખથી વધુ દૂધ ઉત્પાદકો માટે ખજાનો ખોલ્યો છે. રીટેઈન્ડ મની સ્વરૂપે અધધ રૂા.૩૬૦ કરોડ દૂધ



ભરતા પશુપાલકોને ચૂકવવાના સંચાલક મંડળના નિર્ણયથી લાખો પશુપાલકોમાં દિવાળી જેવી ખુશાલી જોવા મળી.

છેલ્લા કેટલાય સમયથી સાબરડેરીના સંચાલક મંડળ સામે મામકાઓની ભરતીથી પ્રજા તો ઠીક પરંતુ પશુપાલકોમાં પણ ચેરમેન સહિત ડિરેક્ટરો સામે ખુલ્લો રોષ જોવા મળ્યો. કોરોનમાં પશુપાલકો પાયમાલ થઈ ગયા ત્યારે પશુપાલકોને વધુ દૂધનો ભાવ વધારો ચૂકવવા માંગ થઈ હતી. ચોમાસુ ઢુકળું છે ત્યારે દૂધ ઉત્પાદકોને બિયારણ, ખાતર, દવાની ખરીદી તેમજ સામાજીક પ્રસંગો માટે પૈસાની જરૂરીયાત છે. આવા સમયે દૂધ મંડળીમાં વેચેલ દૂધની કિંમતના આધારે સાબરડેરી દ્વારા જૂન મહિનામાં ચૂકવવામાં આવતી દૂધના ભાવફેરની રકમ આપવાનો નિર્ણય કર્યો છે. તા.૧૦ જૂનના રોજ સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી નિયામક મંડળની બેઠકમાં વર્ષ-૨૦૨૦-૨૧ માટે અધધ રૂા.૩૬૦ કરોડ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. સાબરડેરી દ્વારા ટૂંકમાં ચૂકવવામાં આવનાર દૂધના ભાવફેરની રકમ ૧૧.૬૦ ટકા મુજબ હોવાનું અનુમાન છે. ગત વર્ષે સંઘ દ્વારા દૂધના કીલો ફેટે સરેરાશ રૂા.૭૭૦ ચૂકવવામાં આવ્યા હતા જે વર્ષ-૨૦૨૧ માટે કીલો ફેટે સરેરાશે રૂા.૮૧૨ પ્રમાણે હોવાનું જણાવવામાં આવ્યું છે.

### દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ વધારો આપવાનો પ્રયાસ : ચેરમેન-શામળભાઈ પટેલ



બાયડ : સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલે જણાવ્યું કે સમગ્ર નિયામક મંડળ દ્વારા દૂધ ઉત્પાદકોને રીટેઈન્ડ મની સ્વરૂપે રૂા.૩૬૦ કરોડ ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. અમારા સંચાલક મંડળની લાગણી દૂધ ઉત્પાદકોને વધુમાં વધુ પોષણક્ષમ ભાવ આપવાની છે અને તે પ્રયાસ અમે સિદ્ધ કરી દેખાડ્યો છે. કરકસરયુક્ત વહીવટ સાથે સાબરડેરીની પ્રતિષ્ઠાને જાળવી સતત સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

## વડાલી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ તરીકે જ્યંતિભાઈ પટેલની પસંદગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦



વડાલી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ તરીકે અગ્રણી સહકારી આગેવાન, વડાલી એ.પી.એમ.સી.ના ચેરમેન જ્યંતિભાઈ વી. પટેલની વરણી કરાતાં વડાલી તાલુકા ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી ફરી વળી છે. સંગઠન પ્રમુખને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા સહિત ભાજપના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## શનિ જ્યંતિ, સૂર્યગ્રહણ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હનુમાન મંદિરોમાં ભીડ, કુદરતી આફતના સંકેત


### કંકણાકૃતિ ખંડગ્રાસ સૂર્યગ્રહણ થયું, ભારતમાં ક્યાંય પણ દેખાયું નહીં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

તા.૧૦ જૂન શનિ જ્યંતિના દિવસે કંકણાકૃતિ ખંડગ્રાસ સૂર્યગ્રહણને કારણે કુદરતી આફતો વધી શકે છે. જ્યારે પડોશી દેશો વચ્ચે તણાવ વધવાની દહેશત છે. શનિ જ્યંતિ નિમિત્તે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હનુમાન મંદિરોમાં દર્શન માટે ભીડ જોવા મળી હતી. કેટલાક શ્રદ્ધાળુઓએ શાસ્ત્રોક્ત વિધિ જાણનાર બ્રાહ્મણો પાસે શનિ જ્યંતિ નિમિત્તે પૂંજા કરાવ્યાનું પણ જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગ્રહણ કોઈપણ હોય તેની પ્રકૃતિ અને માનવ જીવન ઉપર સારી અને ખરાબ અસર જોવા મળતી હોય છે. તા.૧૦ જૂનના રોજ શનિ જ્યંતિ, મૃગશીર્ષ નક્ષત્ર અને વૃષભ રાશિમાં થનારા સૂર્યગ્રહણનો પ્રભાવ વિશેષ હોવાનું જ્યોતિષીઓએ જણાવ્યું છે પરંતુ ભારતમાં સૂર્યગ્રહણ ક્યાંય દેખાવવાનું ન હોવાથી ગ્રહણને લગતા કોઈ નિયમો પાડવામાં આવ્યા નથી. કંકણાકૃતિ ખંડગ્રાસ સૂર્યગ્રહણ ખાસ કરીને રશિયા, ગ્રીનલેન્ડ, ઉત્તર અમેરીકા, યુરોપમાં જોવા મળશે. ૧ મહિનામાં ૨ ગ્રહણના કારણે કેટલાક જ્યોતિષીઓએ દેશ અને દુનિયામાં તણાવ વધવાની સાથે કુદરતી આફતો વાવાઝોડું, પૂર અને ભૂકંપની શક્યતા વ્યક્ત કરી છે. શનિ જ્યંતિ હોવાથી જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, તલોદ, હિંમતનગર, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના વિસ્તારોમાં આવેલા હનુમાન મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી.

## વિજ કરંટથી કરૂણાંતિકા : માલપુરમાં વિજ તારમાં ફસાયેલ પક્ષી બચાવવા જતાં યુવાન સળગ્યો, પટકાતાં મોત





### જીવદયા પ્રેમીના કમકમાટી ભર્યા મોતથી શોક છવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લીના માલપુરમાં ગુરૂવારે બનેલી દુર્ઘટનાથી પ્રજા, વેપારીઓમાં શોક છવાયો. બજારમાં વિજ તારમાં ફસાયેલું પક્ષી તરફડીયાં ખાતાં જાણે કે જીવદયા પ્રેમી દિલીપ ગલબાભાઈ વાઘેલાને મોત ખેંચી લાવ્યું હોય તે રીતે ફસાયેલા પક્ષીને બચાવવા માટે પળનોય વિલંબ કર્યા વિના વિજ થાંભલા ઉપર ચઢ્યા. વિજ તારમાં ચોંટેલા પક્ષીને ઉખેડવાના પ્રયાસમાં દંડો બે વિજ વાયર સાથે સંપર્કમાં આવતાં વીજળીનો કરંટ સાથે થાંભલા ઉપર જ ભડભડ સળગી જમીન ઉપર પટકાતાં મોત નિપજ્યું હતું.

મૃત્યુ ક્યારે આવે તે નિશ્ચિત હોતું નથી. પરંતુ નિઃસ્વાર્થ ભાવે કોઈ સેવા કાર્ય કરતા હોય અને મોત ભેટી જાય ત્યારે કુદરત ઉપરથી દરેકની શ્રદ્ધા ડગમગી જાય. શનિ જ્યંતિના દિવસે પ્રજા પૂંજા-પાઠમાં લીન હતી ત્યારે માલપુરના બજારમાં વીજળીના થાંભલા ઉપર ચોંટી ગયેલું પક્ષી બચવા માટે તરફડીયાં ખાતું હોવાના દ્રશ્યો જોવા મળ્યા. એક પછી એક અનેક લોકો અને વેપારીઓ પંખી અને વીજળીના તારની જીવ સટોસટની લડાઈ જોતા રહ્યા પરંતુ કોઈએ જીવિત વિજ વાયર હોવાથી બચાવવાનો પ્રયાસ ન કર્યો. આ સમયે જીવદયા પ્રેમી દિલીપ વાઘેલાને મોત પોકારતું હોય તેમ લોકો એકઠા થયા હતા તે સ્થળે આવ્યો અને જોયું તો પક્ષી બચવા માટે તરફડીયાં ખાઈ રહ્યું છે. નજીકમાંથી દંડો લીધો અને સડસડાટ વિજ પાલ ઉપર ચઢ્યો. પક્ષીને બચાવવા માટે તાર ઉપર એક ઘા કર્યો અને બીજો ઘા કરવા જતાં બે વિજ વાયર સાથેના સંપર્કના કારણે કરંટ લાગ્યો. કરંટલ એટલી હદે ભયાવહ હતો કે જીવદયા પ્રેમી થાંભલા ઉપર સળગ્યો અને જમીન ઉપર પટકાતાં મોત મળ્યું.

## જિલ્લામાં મહિલા અધિકારીનું ઈલુ ઈલુ "ટોક ઓફ ધ ટાઉન"

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

જિલ્લામાં મહિલા અધિકારીનું ઈલુ ઈલુ છેલ્લા ૨૦ દિવસથી ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. હેડક્વાટર્સ સુધી મામલો પહોંચ્યા પછી તપાસ શરૂ થઈ છે પરંતુ અધિકારીઓ કાંઈ બોલવા તૈયાર નથી અને આ તપાસ મારી પાસે નથી..તેવા જવાબ આપી રહ્યા છે.

**હેડક્વાટર્સ સુધી તપાસ પરંતુ અધિકારીઓ કાંઈ બોલવા તૈયાર નથી**

સ્ટાઈલીસ્ટ અને ફિલ્મોમાં અદાકારી કરવાના અભરખા અને તક મળી જાય તો કોઈને બાટલામાં ઉતારી દેવાની કુનેહ ધરાવતા ઈશ્ક મિજાજી યુવાને મહિલા અધિકારી ઉપર પ્રેમની ભૂરકી છાંટીને પોતાના તાબામાં કરી લીધાં છે બંન્ને વચ્ચે પાંગરેલો પ્રેમ શહેરના સીમાડા વટાવી ગામડાઓ સુધી અને હવે રાજસ્થાનની સરહદને પેલે પાર પહોંચ્યો છે. આજે તો ગામડાઓની વાટે અને મુસાફરો ભરીને દોડતા વાહનોમાં પણ મહિલા અધિકારીનું ઈલુ ઈલુ ઉનાળાની ગરમીમાં વધુ ગરમાવો લાવી રહ્યું છે. મહિલાને કોઈની સાથે પ્રેમ થાય એ સ્વાભાવિક બાબત છે પરંતુ જ્યારે મહિલા અધિકારી હોય, પોતાનો ઘરસંસાર વસાવેલો હોય અને ઈલુ ઈલુ શરૂ થાય ત્યારે તેમાં ટાબરીયાં થી માંડી વૃદ્ધોને વધુ રસ પડે છે. અરવલ્લીની ગીરીકંદરાઓથી ઘેરાયેલા વિસ્તારમાં મહિલા અધિકારીના ઈલુ ઈલુની ચર્ચા પર્વતમાળાઓમાં ફંગોળાઈને પાછી આવી રહી છે. વાજ આવી ગયેલા કેટલાક કર્મચારીઓએ આ અંગે ફરિયાદ કરી અને પછી લોકચર્ચા તો એવી છે કે તે અંગે કેટલાકના નિવેદન લેવાયા, મહિલા અધિકારીના ઈલુ ઈલુની તપાસ આગળ વધે તો કેટલાય દાઝે તેમ છે જેથી તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ..ની કહાનીની જેમ આ મામલો અત્યારે હેડકવાટર્સમાં જ દબાવી દેવામાં આવ્યો છે.

### રૂા.૫ લાખનો ખેલ અને પ્રેમ પ્રકરણ...

બાયડ : લોક ચર્ચા તો એવી જામી છે કે મહિલા અધિકારી અને ચકોર યુવાન વચ્ચે રૂા.૫ લાખના ખેલ મુદ્દે ટાઈ પડી અને પછી શરૂ થયું પ્રેમ પ્રકરણ. લાગે છે કે અમદાવાદમાં નોંધાયેલી કેટલીક ઘટનાઓને ભૂલાવે તેવી ઘટના પ્રકાશમાં આવી શકે છે.

## મિશન-૨૦૨૨ વિધાનસભા

## સાબરકાંઠા, અરવલ્લીમાં ભાજપે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મેદાનમાં ઉતરેલા સંગઠન હોદ્દેદારોના રાજીનામા લીધા

### અગાઉ હોદ્દો હતો તેમને સંગઠનમાં ફરી હોદ્દો નહીં આપવાનો નિર્ણય, સાબરકાંઠામાં અમલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

વર્ષ-૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં ફતેહ મેળવવા માટે ભાજપ દ્વારા અત્યારથી જ સંગઠન વધુ મજબૂત બનાવવાના પ્રયાસ શરૂ કર્યા છે. ફેબ્રુઆરીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં જે સંગઠન હોદ્દેદારોને ટીકીટ આપી રાજીનામા લીધા હતા તેમના સ્થાને નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા પ્રદેશ નેતાગીરીએ આદેશ આપતાં સાબરકાંઠા ભાજપ સંગઠનમાં તેનો અમલ શરૂ થયો છે. અરવલ્લીમાં પણ ગમે તે ઘડીએ ખાલી પડેલી જગા ઉપર સંગઠન હોદ્દેદારોની નિયુક્તિ થવાની છે.




ભાજપ પ્રદેશની સૂચના મુજબ સાબરકાંઠા જિલ્લામાં મંડલ પ્રમાણે વિવિધ મોરચા અને મંડલોના પ્રભારીઓની બેઠક જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. પ્રદેશ સંગઠનની પૂર્વ મંજૂરી બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષ દ્વારા જે સૂચના આપવામાં આવી હતી તે પ્રમાણે જે વ્યક્તિને હોદ્દો હતો તેમનાં રાજીનામાં લઈ ચૂંટણી લડાવી હતી તેમના રાજીનામાં અગાઉ લીધું હતું તેના અનુસંધાને પણ તેમને બાકાત રાખી નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે તેમ સંગઠન પ્રમુખે જણાવ્યું હતું. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના કેટલાક હોદ્દેદારો સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું અને તેમનાં રાજીનામાં લઈ લેવાયાં હતાં તે ખાલી પડેલા હોદ્દા માટે ટૂંકમાં જ પ્રદેશ તેમજ જિલ્લા કક્ષાએથી સર્વ સંમતિ સાધી હોદ્દેદારોના નામ જાહેર થશે તેમ જાણવા મળ્યું છે. આગામી ચૂંટણીમાં ભાજપ ફરી સર્વોચ્ચ સ્થાને રહે તે માટે તમામ હોદ્દેદારોને લોકો સુધી પહોંચવા પણ અનુરોધ કરાયો હતો.

## જન્મદિને વધામણી



નક્ષય દેવેશભાઈ ચૌધરી
સાયરા (મોડાસા)



નીતાબેન ભાવસાર
(પૂર્વ પ્રમુખ : નગરપાલિકા, મોડાસા)
મોડાસા, જિ.અરવલ્લી



ગુણવંતભાઈ વી. પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



ગોવિંદભાઈ એસ. પટેલ
(પૂર્વ આચાર્ય : આકરૂન્દ હાઈસ્કુલ)
ધનસુરા, જિ.અરવલ્લી



અજયસિંહ ઝાલા
ગાબટ, તા.બાયડ



રવિકુમાર એન. પટેલ
બાયડ (દખણેશ્વર)



દિપક પટેલ
તલોદ, જિ.સાબરકાંઠા



વિનુભાઈ ભરવાડ
બારનોલી, તા.ધનસુરા



કાળીદાસ બી. પટેલ
(ઉજળેશ્વર હાઈસ્કુલ)
નાનાચેખલા, તા.તલોદ



રતિલાલ શર્મા
(પાણી પુરવઠા કચેરી-મોડાસા)
બાયડ, જિ.અરવલ્લી



જગદીશભાઈ કે. બ્રહ્મભટ્ટ
આકરૂન્દ, તા.ધનસુરા



ઉત્કલ એચ. ઠાકોર, પત્રકાર
બાયડ, જિ.અરવલ્લી

## નાયક સમાજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડા વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા નાયક સમાજના



વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહીત કરવા નાયક સમાજ યુવક સંગઠન પ્રમુખ ડૉ.અતુલભાઈ નાયકના પરિવાર દ્વારા નિઃશુલ્ક ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં સંગઠનના કાર્યકરોએ ગામ દીઠ ચોપડાનું વિતરણ કરતાં ડૉ.જગદીશભાઈ નાયક અને અશ્વિનભાઈ નાયકે આભાર વ્યક્ત કર્યો હતો.

## અવસાન નોંધ..



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ : વિરપુર તાલુકાના હાંડીયા ગામના મનુભાઈ બાબાભાઈ બ્રહ્મભટ્ટનું દુઃખદ નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી માત્ર ટેલિફોનિક બેસણું રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૨૦ જૂન, રવિવારે રાખવામાં આવી છે.

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**